# કેશુબાપાને પદ્મભૂષણ, મહેશ-નરેશને મરણોપરાંત પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત

## લોકસાહિત્ય અને શિક્ષણમાં દાદુદાન ગઢવી, જાણીતા સાહિત્યકાર અને શિક્ષણવિદ્ ચંદ્રકાન્ત મહેતાને પણ પદ્મશ્રી એવોર્ડ

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલને મરણોપરાંત પદ્મભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

ભારત સરકારે આજે મોડી સાંજે પદ્મ એવોર્ડની જાહેરાત કરી છે જેમાં જાણીતી બાંધવ બેલડી મહેશ-નરેશને મરણોપરાંત પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત





કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત લોકસાહિત્ય અને શિક્ષણ માટે શ્રી દાદુદાન ગઢવી, જાણીતા સાહિત્યકાર અને શિક્ષણવિદ્ શ્રી ચંદ્રકાન્ત મહેતાને પણ પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

# માઉન્ટ આબુમાં માઈનસ ૧થી ૨ ડીગ્રી તાપમાન નોંધાયું

## આગામી ૨૭ તારીખ સુધી ગુજરાતમાં ઠંડીનો ચમકારો રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

માઉન્ટ આબુમાં ફરી એકવાર ઠંડીનો કડાકો અનુભવાયો છે, અહીં તાપમાન -૧થી ૨ ડિગ્રી સુધીનું તાપમાન નોંધાયું હોવાનું કહેવાઈ રહ્યું છે. ઠંડીનો ચમકારો વધતા પ્રવાસીઓને એક નવો અનુભવ થયો છે. જ્યારે વાહનો પર ઠંડીના કારણે બરફ જામી ગયો હોવાનું પણ સામે આવી રહ્યું છે. ઠંડીથી બચવા માટે અહીં તાપણા અને હિટરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

માઉન્ટ આબુમાં ઠંડીનો ચમકારો વધતા પોલો ગ્રાઉન્ડમાં ઉભેલી કાર પર બરફ જામેલો જોવા મળ્યો છે. આ સાથે ઘરની બહાર મૂકેલા પાણીમાં પણ બરફ જામેલો જોવા મળ્યો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ડિસેમ્બરથી ફેબ્રુઆરીની વચ્ચે અહીં મુસાફરો મોટી સંખ્યામાં ફરવા માટે પહોંચતા હોય છે. તો આ કડકડતી ઠંડીમાં માઉન્ટ આબુ પહોંચેલા પ્રવાસીઓને એક નવો અનુભવ થઈ રહ્યો છે, બરફ જામ્યો હોવાની વાત જાણીને લોકો સવારમાં હોટલમાંથી બહાર નીકળી પડ્યા હતા.

અહીં સામાન્ય દિવસો કરતા વિકએન્ડમાં વધારે ભીડ જોવા મળતી હોય છે. પરંતુ કોરોનાના કારણે અહીં આવતા પ્રવાસીઓની સંખ્યામાં ચોક્કસ ઘટાડો નોંધાયો હોવાનું મનાઈ રહ્યું છે. જોકે, લોકડાઉન ખુલ્યા બાદ ઘરોમાં બંધ રહેલા લોકો હવા ફેર કરવા માટે અહીં પહોંચી રહ્યા છે. ઉત્તર ભારતના રાજ્યો અને રાજસ્થાનમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે તેની સાથે ગુજરાતમાં પણ ઠંડી અનુભવાઈ રહી છે. આ સાથે રાજ્યના ઘણાં ભાગોમાં લઘુત્તમ તાપમાન ૧૦ની નીચે પહોંચવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે.

ગઈકાલ રાતથી ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે જેમાં ઠંડીની સાથે પવન ફુંકાઈ રહ્યો હોવાથી વધારે અસર વર્તાઈ રહ્યા છે.

નલિયામાં આજે ૪.૧, કંડલામાં ૭.૬, કેશોદમાં ૮.૮, ડિસામાં ૯, મહુવામાં ૯.૧ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. આગામી ૨૭ તારીખ સુધી ગુજરાતમાં ઠંડીનો ચમકારો રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરાઈ છે.



ગુજરાત સરકારની વિવિધ ભરતીની જાહેરાતોમાં દિવ્યાંગ ઉમેદવારો માટે રીઝર્વ સીટ રાખવાના નિયમનો અમલ થતો નથી. જેના કારણે દિવ્યાંગોને ભરતી પ્રક્રિયામાં અન્યાય થાય છે. આ બાબતે દિવ્યાંગ અધિકાર મંચ, ગુજરાત પ્રદેશે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી છે.

# રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૩૯૦ દર્દીઓ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. તો કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવ્યા છે. આજે રાજ્યમાં નવા ૩૯૦ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૭૦૭ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૫૦,૭૬૩ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૬.૬૪ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઈન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૪,૩૪૫ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૪૬ છે. જ્યારે ૪,૨૯૯ લોકો સ્ટેબલ છે. ૨,૫૦,૭૬૩ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૭૯ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૩ લોકોના મોત નિપજ્યાં છે. અમદાવાદ કોર્પોરેશન ૦૨ અને સુરત કોર્પોરેશનનાં ૦૧ વ્યક્તિ સહિત કોરોનાને કારણે ગુજરાતમાં કુલ ૦૩ મોત નિપજ્યાં છે.

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા અસરકારક રીતે અને પરિણામલક્ષી કામગીરીના કારણે કોરોનાના કેસોમાં ઉત્તરોતર ઘટાડો થઈ રહ્યો છે. આજે ૨૧૩ કેન્દ્રો પર ૧૩,૮૦૩ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી. અત્યાર સુધીમાં કુલ ૯૨,૧૨૨ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી.

## ઘર્ષણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થયું હતું. જેમાં ૪ ભારતીય જવાનો અને ૨૦ જવાનો ઘાયલ થયા હતા. જોકે હાલની સ્થિતિ તનાવપૂર્ણ છે. ભારતીય સેનાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે ભારતીય ક્ષેત્રની સાથે સાથે પોંઈટ પર હવામાનની સ્થિતિ અત્યંત ખરાબ હોવાના કારણે ચુસ્ત અને સખ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો છે.

સિક્કીમની સરહદે ઘૂસણખોરીના પ્રયત્નો તે સમયે થઈ છે, જ્યારે અહેવાલો હતા કે ચીની સેનાના પૂર્વી લદ્દાખથી તેમના ૧૦ હજાર જવાનોને હટાવી લેવામાં આવ્યા છે. ભારત સરકારના સૂત્રોના જણાવ્યા મુજબ પૂર્વી લદ્દાખ ઉપરાંત સિક્કીમ સહિત અનેક વિસ્તારોથી ચીની સેનાએ તેમની તૈનાતીને ઓછી કરી છે પરંતુ જવાન હજુ પણ અડગ છે. આ કારણે ભારતીય સેનાએ તેમના જવાનોની તૈનાતી વધારી છે.

સેનાએ એક નિવેદનમાં કહ્યું કે આપણને સિક્કિમમાં ભારતીય સૈન્ય અને પીએલએ સૈનિકો વચ્ચેના અથડામણને લગતા ઘણા સવાલો મળ્યા છે. સ્પષ્ટતા કરવામાં આવી છે કે ૨૦ જાન્યુઆરીએ ઉત્તર સિક્કિમના નાકુલા વિસ્તારમાં ચીની સૈનિકો અને ભારતીય સૈનિકો વચ્ચે સામાન્ય અથડામણ થઈ હતી. જેનો નિર્ધારિત પ્રોટોકોલ હેઠળ સ્થાનિક કમાન્ડરના સ્તરે સમાધાન કરવામાં આવ્યો હતો. સેનાએ વધુમાં કહ્યું કે મીડિયાએ ×અતિશયોક્તિપૂર્ણ× અહેવાલો ટાળવા જોઈએ, જે હકીકતમાં ખોટા છે.

ઉલ્લેખનીય છે કે ન્છઝ પર છેલ્લા ઘણા મહીનાથી તણાવ જોવા મળી રહ્યો છે. ૧૫ જૂનના રોજ પૂર્વી લદ્દાખના ગલવાન ઘાટીમાં ચીનના સૈનિકો અને ભારત જવાન વચ્ચે અથડામણ જોવા મળી હતી. આ દરમિયાન ૨૦ ભારતીય જવાન શહીદ થયા હતા, જ્યારે ચીનની સેનાના કેટલાક અધિકારી-જવાનનોનું પણ મૃત્યું થયું હતું, પરંતુ ચીનના સૈનિકો આજ સુધી આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટી કરી નથી.




